સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

છે આંખ લાલ, સાહેબને ખજૂરી મળી નથી કે શું?
કાર્યકરો છે હતાશ, મજૂરી મળી નથી કે શું ?
મંજૂરી મળતી નથી, હવે બાબા મારશે ગૂંલાટ ?
નેતા-નારાજ, પ્રસાદ-પંજૂરી મળતી નથી કે શું

હાઈકુ

લાલાઓ દુ:ખી,
કોઈ જ લાભ વિના -
લેટવું પડે...

દૂધ ફેકટરી -
બાબાની ગૌશાળાનું
બગડે દૂધ!!

ચિંતન

દયા, ગરીબી, બંદગી, સમતા શીલ સ્વભાવ,
એ લક્ષન સાધક કે, કહે કબીર સદ્‌ભાવ.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

અત્યાર સુધી સાધુ નામ અને વેશધારીના લક્ષણ બતાવી ભોળા અને અંધશ્રદ્ધાળુ લોકોને ચેતવ્યા. હવે કબીર સાચા સાધુના લક્ષણ બતાવી મનુષ્યોને તેમને શરણે જવાની સલાહ આપે છે.

તેઓ મૃત્યુલોકના માનવીને સદ્‌ભાવે સત્ય જણાવે છે કે દયા, નમ્રતા, ભક્તિ સમતા અને સુખદુ:ખમાં મનની સ્થિર સ્થિતિ અને શીલ આ પાંચ સાચા સાધઉના લક્ષણ સમજજો. કબીરે કહેલા કસોટીના પથ્થર પર પોતપોતાના ગુરુને કસી જોવાથી દરેક માણસને ખાતરી થશે કે એ સાચું સોનું છે કે કથીર છે.

સુવિચાર

- પુરુષ બોલે છે જીભથી, સ્ત્રી આંખથી બોલે છે - **સંસાર ગીતા**
- આત્મા ભ્રમિત થયો ત્યારે સંસાર ઊભો થયો ! અને બુદ્ધિ ભ્રમિત થશે ત્યારે જ્ઞાન પ્રગટ થશે! - **ઓશો**
- પિતાને માટે પુત્ર આત્મતુલ્ય અને પુત્રી પુત્રતુલ્ય હોય છે - **મનુસ્મૃતિ**
- અમુક રોગમાં ઊંઘ ઔષધની ગરજ સારે છે, આપણામાં એક સુભાષિત છે કે 'સર્વ રોગ હરી ક્ષુધા, અર્ધ રોગ હરી નિદ્રા' - **ઘનશ્યામ શાહ**
- જિંદગી એટલે માત્ર જીવવું નહીં, પણ તંદુરસ્તીનો આનંદ માણવો તેનું નામ જિંદગી છે - **ઝંડુ વૈદ્ય**
- દેહ આત્માને રહેવાની જગ્યા છે, તે કારણે જ તીર્થ જેટલો પવિત્ર છે - **ગાંધીજી**
- આજનું ઔષધ : ચંદનને દૂધમાં ઘસી તે ઘસારાના બે ટીપાં નાકમાં પાડવાથી હેડકી શમે છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મેક્સિમ ગોર્કી વિશ્વવિખ્યાત રશિયન સાહિત્યકારના પિતા ખૂબ આકરા સ્વભાવના હતા. તેઓ બાળક મેક્સિમ પર તથા તેમના માતા પર ગુસ્સે થતા ત્યારે હાથ ઉપાડી લેતા હતા. ગોર્કી સતત ગભરાયેલા રહેતા કે કે ગમે ત્યારે પિતા ગુસ્સે થઈને તેની માતાને ફટકારશે. પિતાએ ગોર્કીને ભણવા પણ મૂકવા માટે ખૂબ ઝઘડો કર્યો હતો. તેઓ મેક્સિમને શાળાએ મૂકવા માટે રાજી ન હતા. પિતાએ ગોર્કીને પૈસાની કિંમત સમજાય તે હેતુથી એક પસ્તીવાળાની દુકાને નોકરીએ વળગાડી દીધો હતો. ગોર્કીને માટે નોકરી આફત સમાન હતી પણ પસ્તીની દુકાનમાં સમય મળતાં તે જૂની ચોપડીઓ વાંચવા લાગ્યો. પંદર વર્ષની નાની ઉંમરમાં તેણે નાની નાની બાળ વાર્તાઓ લખી. આ વાર્તાઓ તેના મિત્રોને સંભળાવતો. મિત્રોએ પાનો ચડાવ્યો કે, તું બહુ સારું લખે છે. આમ મેક્સિમ ગોર્કીએ નવલકથા લખી. એ પછી મેક્સિમ ગોર્કીએ 'ધ મધર' નવલકથા લખી જે નવલકથાનું વિશ્વની લગભગ દરેક ભાષામાં રૂપાંતર થયું અને આમ પસ્તીની દુકાનમાં કામ કરનાર ગોર્કીએ આફતને અવસરમાં પલ્ટી અને સફળતા મેળવી.

સત્ય છાપરે ચડીને પોકારવા લાગ્યું

તંત્રીસ્થાનેથી...

રાહુલ ગાંધીને મોદી વિરુદ્ધ ઉછાળવા માટે એક માતબર મુદ્દો જરૂર મળી ગયો છે. રાફેલ ડીલમાં કંઈક તો દાળમાં કાળું હતું જ - એવી શંકા એ સોદા વિશેની ઉતાવળે ચર્ચા થઈ ત્યારે જ હરકોઈને ગઈ હતી. મોદી શાસન દૂધે ધોયેલું તો ન જ હોઈ શકે, એ વાત પણ રાજકીય સમીક્ષકો સમજતા હતા. છતાં સાડા ચાર વર્ષની કારકિર્દીમાં કોઈ કૌભાંડ નથી થયું એવી ગળાં ફાડી ફાડીને જાહેરાતો થતી રહી પણ ફ્રાંસના તત્કાલીન રાષ્ટ્રપ્રમુખ ઓલાંદે જ જયારે વટાણા વેરી નાખતા હોય ત્યારે કોઈને પૂછવાપણું રહે ખરું ? ફ્રાંસ પાસેથી અગાઉ નક્કી થયેલ કિંમત કરતાં અનેક ગણી કિંમત ચૂકવીને રાફેલ સોદો પાર પડાયો અને રિલાયંસ ગ્રુપના અનિલ અંબાણીને એનો લાભ પહોંચાડવા ખુદ વડાપ્રધાને રસ લીધો તે હકીકત હવે ઊડીને આંખે વળગે એ રીતે આપણી સામે આવી છે. ઓલાંદ જેવી આંતરરાષ્ટ્રીય હસ્તીને જૂઠું બોલવાનું કોઈ જ કારણ ન હોઈ શકે. બોફોર્સ વીર ક્વોત્રોચી સાથે સોનિયા કનેકશન હતું એમાં કોઈ ના નહીં કહી શકે. ઓલાંદે સોનિયા ગાંધીના સગા થતા નથી છતાં ભાજપના સંબિત પાત્રા બ્રાન્ડ પ્રવક્તાઓ કદાચ ઈટાલી અને ફ્રાંસ વચ્ચે નવો સેતુ રચીને કાલે એવા ગપગોળા પણ ગબડાવે કે ભાણેજ રાહુલને મામો ઓલાંદ ભારતના ભાવી વડાપ્રધાન તરીકે જોવા માગતો હોઈ એ રિટાયર્ડ નેતાએ મોદીને ફસાવવાના કાવતરામાં ગતકડું વહેતું મૂકી દીધું છે. પરંતુ સત્ય તો મોડું કે વહેલું છાપરે ચડીને પોકારતું હોય છે. રાફેલ ડીલ કરનારાં મોદીનાં લાડકા સંરક્ષણ મંત્રી માટે રાહુલ ગાંધી હવે 'રાફેલ મિનિસ્ટર' જેવું નવું નામાભિધાન પ્રયોજવા માંડ્યા છે. બોફોર્સનો લાભ લેનારા નેતાઓ માટે આ વેરની વસૂલાત જેવો એપિસોડ છે. સરકારી કંપની હિંદુસ્તાન એરોનોટિક્સ લિમિટેડ આવાં લડાકૂ ઍરક્રાફ્ટ્સ ઘર આંગણે બનાવવાની ક્ષમતા ધરાવતી હોવા છતાં એને સાઈડ આઉટ કરી જેને આ ક્ષેત્રનો મુદ્દલ અનુભવ નથી એવી રિલાયન્સને એનો 'લાભ' અપાવવાની પાછળ જે ઉદ્દેશ છે તે સર્વવિદિત છે. કેન્દ્રની મોદી-સરકાર મુઠ્ઠીભર, પૂરા આંગળીના વેઢા પર ન ગણાય એટલા ઉદ્યોગપતિના ખોળામાં બેઠેલી છે. અંબાણી, અદાણી, તાતા કે રૂઈયાનાં હિતો સાચવી માતબર ચૂંટણીફંડ ઓળવી લેવાની વ્યૂહરચના રાફેલ ડીલમાં ખુલ્લી પડી જતાં હવે કોંગ્રેસ સહિત વિપક્ષો પાસે બોફોર્સ જેવો જ મોટો મુદ્દો આવી ગયો છે. રાહુલ ગાંધીના બનેવી રોબર્ટ વાડરા તથા નેશનલ હેરાલ્ડ કેસમાં ખુદ સોનિયા અને રાહુલ ફસાયેલા હોવા છતાં આ મુદ્દો મોદી વિરુદ્ધ બ્રહ્માસ્ત્રની ગરજ સારી શકે એમ છે. લાખ રૂપિયાનો સવાલ એ છે કે કોંગ્રેસ કે અન્ય વિપક્ષોને આ શસ્ત્ર સરખી રીતે વાપરતાં આવડશે ખરું ?

રોગપ્રતિકાર શક્તિ

તન દુરસ્તી

મહેન્દ્ર ગજ્જર
ડૉ. દિનેશ રાઠોડ

આજે રવિવાર... રજાનો દિવસ, નોકરીમાં રજા, સ્કૂલમાં રજા છતાં પણ મનમાં રજા નથી હોતી. આખા અઠવાડિયાના ભેગા થયેલા કામ રવિવારે કરવાનાં. આવું બધું લગભગ બધા જ દેશમાં થતું હશે. આપણે ત્યાં ભારતમાં રવિવારે લોકો એકબીજાના ઘરે જાય, કોઈ બિમાર હોય તો ખબર-અંતર પૂછવા જાય. એટલે આપણા ભારત દેશમાં સામાજિક પ્રવૃત્તિઓ વધારે પડતી રવિવારે થાય. આપણા શાંતાબેન અને કમુબેન સવારે પાંચ વાગ્યે ઉઠવાનું, રોજની જરૂરી પ્રવૃત્તિઓ પૂરી કરી રસોઈ બનાવી, જમી પરવારીને પાછા ઓટલા પરિષદ આવી જાય. શાંતાબેને બૂમ મારી અલી કમુ હજુ કેમ બહાર દેખાતી નથી. આપણો સમય થઈ ગયો. કમુએ અવાજ આપ્યો કે હું આવું જ શાંતાબેન... તે સાંભળ્યું કમુ સેક્ટર-૮માં પેલા રમિલાબેનને શું થયું ? શું થયું ? અરે ગજબનું થયું છે... રમિલાબેનને બે - ત્રણ દિવસથી તાવ આવતો હતો. થોડી ઉધરસ હતી, આંખોમાંથી પાણી પડતું હતું ને ગળામાં પણ દૂખતું હતું. હવે આજકાલ તો આવું દરરોજ બનતું હોય છે. આમાં ડૉક્ટરને કોણ બતાવે. પણ ધીમે ધીમે રમિલાને શ્વાસ લેવામાં તકલીફ પડવા માડી. પછી રમિલાબેને કંટાળીને અઠવાડિયા પછી ડૉક્ટરને બતાવ્યું.

સેક્ટરના ડૉક્ટરને બતાવ્યું અને ડૉક્ટરે કહ્યું કે કઈ લાગતું નથી. સાદો તાવ છે, બે દિવસમાં જતો રહેશે. બે દિવસ જતાં રહ્યા, દવાઓ ચાલુ હતી છતાં કંઈ ફરક ન પડ્યો. ઘરના બધા મોટા ડૉક્ટરને બતાવવા લઈ ગયા. ફિઝિશિયન સાહેબે એક્સ-રે પડાવ્યો. એક્સ-રેમાં નિમોનિયા આવ્યો... ડૉક્ટરે લોહી ટેસ્ટ કરાવવાનું કહ્યું. લોહી ટેસ્ટમાં બધા જ રિપોર્ટ નોર્મલ હતા. ડૉક્ટરને પ્રશ્ન થયો કે આ બધા રિપોર્ટ નોર્મલ છે અને એક્સ-રેમાં નિમોનિયા બતાવે છે. તો હવે કંઈક બીજું હોવું જોઈએ. ડૉક્ટરે સ્વાઈન ફ્લુ માટે ટેસ્ટ કરાવવાનું કહ્યું. રમિલાબેન મોટામાં મોટી લેબોરેટરીમાં ગયા. ત્યાં સ્વાઈન ફ્લુ માટે ટેસ્ટ કરાવ્યો. સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કેવી રીતે કરવાનો ? લોહીમાંથી થાય કે પેશાબમાંથી થાય ? શાંતાબેને કહ્યું ના કમુ લોહીમાંથી ન થાય અને પેશાબમાંથી પણ ન થાય. એના માટે ગળામાંથી સેમ્પલ લઈને એનો પીસીઆર નામનો સ્વાઈન ફ્લુનો ટેસ્ટ કરાવવો પડે. ડૉક્ટરે સ્વાબ વડે ગળામાંથી રમિલાબેનનું સેમ્પલ લીધું. સેમ્પલ લેતી વખતે ડૉક્ટરે પણ ખૂબ ધ્યાન રાખવું પડે છે. જો બેભાનપણે સ્વાબ લેવામાં આવે તો ડૉક્ટરને પણ સ્વાઈન ફ્લુ થઈ જાય. ડૉક્ટરે ખૂબ ધ્યાનથી રમિલાબેનનું સ્વાબ લીધું. એને લેબોરેટરીમાં અમદાવાદ મોકલી આપ્યું. છ કલાક પછી રિપોર્ટ આવ્યો કે સ્વાઈન ફ્લુ પોઝીટીવ છે. રિપોર્ટ લઈને રમિલાબેનના ઘરવાળા ડૉક્ટર પાસે ગયા. ડૉક્ટરે રિપોર્ટ જોઈ કહ્યું કે સ્વાઈન ફ્લુ છે. આપણે દવા ચાલુ કરીએ નાથી સારું થઈ જશે પણ કોઈ ગેરંટી નહીં. જો કોમ્પ્લીકેશન થાય તો અઘરું પણ થઈ જાય. સ્વાઈન ફ્લુ જીવલેણ પણ બની શકે એટલે ધ્યાન રાખી દર્દીની સેવા કરજો અને બીજા કોઈને ન થાય એનું પણ ધ્યાન રાખજો. કારણ કે સ્વાઈન ફ્લુ ચેપી રોગ છે. પણ પછી શું થયું ? કમુથી રહેવાયું નહીં અને પુછ્યું કે રમિલાબેનને સારું થઈ ગયું ? શાંતાબેને કહ્યું સારું તો થઈ ગયું પણ બધાના જીવ ત્રણ દિવસ સુધી ઊંચા રહ્યાં. કમુએ પૂછ્યું આ સ્વાઈન ફ્લુ થાય શેના થી ? શાંતાબેને કહ્યું સ્વાઈન ફ્લુના વાઈરસના હિસાબે સ્વાઈન ફ્લુ થાય છે. કમુ બોલી... આમાં પણ વાઈરસ ? અરે શું વાત કરે છે આ ડેન્ગ્યુ એ પણ વાઈરસથી થાય છે. આપણા સામે જે પરસોત્તમભાઈ રહે છે એમાનાં દિકરાનો દીકરા મયંકની વાત કરીએ. મયંકને બે – ત્રણ દિવસથી તાવ આવતો હતો. શરીર પર ચકામા પડી ગયા હતા. લેબોરેટરીમાં ટેસ્ટ કરાવ્યો તો પ્લેટલેટ કાઉન્ટ ઓછા આવ્યા. ડૉક્ટરે એલાઈઝાથી ડેન્ગ્યુનો ટેસ્ટ કરવાનું કહ્યું અને ટેસ્ટમાં ડેન્ગ્યુ પોઝીટીવ આવ્યો. સમયસર ખબર પડી ગયા પછી ડેન્ગ્યુની દવા થઈ શકી. તો હે શાંતાબેન ડેન્ગ્યુમાં શેની દવા હોય ? ડેન્ગ્યુ વાઈરસથી થતો રોગ છે. એટલે દવાની ખાસ અસર થતી નથી. છતાં પણ વધારે પ્રમાણમાં પાણી, ઈલેક્ટ્રોલાઈટ અને એક એન્ટીબાયોટીક અને આરામ કરવાથી ડેન્ગ્યુને બહુ સહેલાઈથી મટાડી શકાય છે. કમુબેન બોલી જાત જાતનાં રોગ થતાં હોય છે. એની ક્યાં વાત કરો છો ? આપણી બાજુમાં પેલા સરોજબેન રહે છે એમને પણ બે – ત્રણ દિવસ તાવ આવ્યો. શરીરે ચકામા પડી ગયા. લેબોરેટરીમાં પ્લેટલેટ કાઉન્ટ નોર્મલ આવ્યો. ડૉક્ટરે કહ્યું કોઈ વાઈરલ ફીવર હોય, ડેન્ગ્યુ હોય કે ચિકનગુનિયા હોય. ચિકનગુનિયાનો એલાઈઝા ટેસ્ટ કરાવ્યો, જે લોહીમાંથી થાય અને ચિકનગુનિયાનો એલાઈઝા ટેસ્ટ પોઝીટીવ આવ્યો. કમુબેન બોલ્યા આ વાઈરસે તો માઝા મૂકી છે. આંખે દેખાય નહીં છતાં બધાને કેટલો પરેશાન કરે છે. કમુબેનને પ્રશ્ન થયો કે આ વાઈરસ એક જ, છતાં રોગ જુદાં જુદાં ? સ્વાઈન ફ્લુ શેનાથી થાય – વાઈરસથી. ડેન્ગ્યુ શેનાથી થાય – વાઈરસથી. ચિકનગુનિયા શેનાથી થાય તો વાઈરસથી. તો આ વાઈરસ શું બલા છે જે ભલભલાના હાજા ગગળાવી દે છે. શાંતાબેને કહ્યું કે તારી વાત સાચી છે. કહેવાય છે વાઈરસ પણ એ વાઈરસના દરેકના નામ હોય છે. દરેક વાઈરસ જુદાં જુદાં હોય છે. એમની તાકાત જુદી જુદી હોય છે. સમયસર નિદાન થઈ જાય અને દર્દીને સમયસર સમજણ આપવામાં આવે તો કોઈ તકલીફ નથી. સ્વાઈન ફ્લુ હોય કે ડેન્ગ્યુ હોય કે ચિકનગુનિયા હોય એનું સમયસર નિદાન થઈ જાય તો કશું અઘરું નથી. શરીર છે રોગ થવાના જ છે, પણ સાવધાનીથી દવા લેવામાં આવે, આરામ કરવામાં આવે તો કોઈ તકલીફ થતી નથી. કમએ પૂછ્યું કે સમયસર સાવધાની એટલે શું ? શાંતાબેને કહ્યું તારો પ્રશ્ન ખૂબ જ અગત્યનો છે. સમયસર એટલે જ્યારે આપણને સાદો તાવ પણ આવ્યો હોય તેને હલકામાં ન લેવો. તરત જ નજીકના ડૉક્ટર કહે એ પ્રમાણે દવા લેવી, આરામ કરવો. કમુબેને પૂછ્યું આ બધા વાઈરસ શરીરને જુદી જુદી રીતે કેવી રીતે હેરાન કરે છે. શાંતાબેને કહ્યું ધારો કે સ્વાઈન ફ્લુની વાત કરીએ. સ્વાઈન ફ્લુમાં જો કોઈ માણસ કશી સંભાળ ન લે એટલે કે ડૉક્ટરને ન બતાવે, લેબોરેટરીમાં જઈ કોઈ નિદાન ન કરાવે તો શું થાય ? આમ તો તમે બધા કહો છો કે વાઈરલ ઈન્ફેકશન બે - ત્રણ દિવસમાં મટી જાય. તો પછી સંભાળ રાખવાની શી જરૂર છે? શાંતાબહેને કહ્યું સ્વાઈન ફ્લુના વાઈરસ શરીરમાં દાખલ થાય ત્યારે દર્દીને તાવ આવે, આંખોમાં પાણી આવે, અશક્તિ લાગે, ઉધરસ થાય, પણ એ વાઈરસની આપણે સંભાળ ન લઈએ એટલે કે કોઈ દરકાર ન કરીએ તો એ વાઈરસ ફેફસાંમાં કફ પેદા કરે છે અને એ કફ એટલો બધો થાય કે ફેફસાંને કામ કરવાનું બંધ કરાવી દે. એટલે શ્વાસ લેવામાં દર્દીને

અનુસંધાન પાના નં ૭ પર

પ્રાકૃતિક પર્વતીય પ્રેમ અને સૌન્દર્યની પવિત્ર ભૂમિ : કાલિમ્પોંગ

મોરપીંછના રંગ

ડૉ. કનૈયાલાલ ભટ્ટ

આપણી ધરતી ઉપર ઈશ્વરે કેટલાક ચમત્કાર કર્યા છે. ઈશ્વરના અસ્તિત્વને નકારતા નાસ્તિક લોકોએ એક વખત પશ્ચિમ બંગાળના પર્વતીય વિસ્તાર કાલિમ્પોંગ શહેરમાં જઈને બે ચાર દિવસ રહેવું જોઈએ. કેમ કે અહીં વસવું એ ચમત્કારથી સહેજેય ઓછું નથી. સમુદ્રતલથી ચાર હજાર ફૂટ ઊંચાઈપરના જનજીવનની અનેક સમસ્યાઓ વચ્ચે અહીંના લોકોનું ગૌરવપૂર્ણ જીવન એક પ્રેરણાસ્ત્રોત છે.

પહાડી જનજીવનની પોતાની એક સંસ્કૃતિ, આંતરશક્તિ, સમજ અને સંસ્કાર હોય છે. વિશ્વમાં ઝડપથી વિકસતી અનેક સુવિધાઓથી વંચિત છતાંય પોતાની નીતિ રીતિ અને શક્તિથી સમગ્ર વિશ્વને પોતાની સંસ્કૃતિ તરફ આકર્ષિત કરવામાં આ પર્વતીય શહેર સફળ રહ્યું છે. આકાશને આંબતા ઊંચા ઊંચા પહાડો પર વસેલા આ શહેરની આજુબાજુ પણ અનેક ગગનચૂંબી પહાડો, શ્વેત ઘટાઘૂમ વાદળોની હારમાળા આ શહેરને શુદ્ધ અને પવિત્ર રાખે છે. અહીંની એકદમ શુદ્ધ હવા આપણા શ્વાસમાં શુદ્ધ ઓક્સિજનની સાથે સાથે નવી ઊર્જા, નવી ચેતના પણ પૂરે છે. અહીં વરસાદી મોસમમાં ભલે સૂર્યદેવ એક સાથે દસ પંદર દિવસની રજા ઉપર ઉતરી જતા હોય પણ વરસાદી વાદળોની ભીનાશ અહીના પહાડોને, વૃક્ષોને અને અહી વસતા લોકોના મનને જરૂર હૂંફાળા રાખે છે. અહીં પહાડોની ઊંચાઈ એટલી બધી છે કે જાણે આખું આકાશ પહાડોને ટેકે ઊભૂં હોય એવું લાગે. અહીંયા શ્વેત વાદળોના ટોળેટોળા આવીને પહાડોને ચૂંબન કરતા હોય છે તો ક્યારેક એ જ વાદળો પહાડોના ખોળામાં બાળક બનીને ગેલ કરતા જોવા મળે છે. ઘણીવખત તો વાદળાઓએ પહાડોને બરાબર તસતસતું એવું આલિંગન આપ્યું હોય છે કે જાણે કોઈ પ્રોષિતભર્તૃકા વર્ષો પછી ઘેર આવેલા પ્રિયતમને વેલ બનીને વિંટળાઈ ગઈ હોય. એક તરફ ઊંચા ઊંચા પહાડોની સામે વાદળો જાણે કે નર્તકી બનીને નૃત્ય કરી રહયા છે તો વળી ક્યારેક અનેક વાદળાઓ ભેગા મળીને આતંક મચાવીને પહાડોની કત્લેઆમ કરતા હોય છે તો ક્યારેક એ જ વાદળાઓ પહાડોને હૂંફ આપતા જોવા મળે છે. ઘણીવાર મોટા મોટા વાદળાઓ શ્વેત વસ્ત્રધારી શ્વેતકેશ વિખેરીને કોઈ મહાન ઋષિમૂનિની જેમ પહાડોના સાનિધ્યમાં તપ ધ્યાન કરવા બેઠા હોય એવું લાગે છે. ક્યારેક ઊંડા પાણીના વિશાળ સરોવરમાં વિકરાળ મગરમચ્છ હરણના નાના બચ્ચાને આખેઆખું ગળી જાય તેમ વાદળાઓની પૂરી ફોજ પહાડોને આખે આખા ગળી જતા જોવા મળે છે. ઘણીવાર અહીં વાદળાઓ નશામાં ચૂર થઈને ફરતા છાંકડા છોકરાઓની માફક પહાડોની યે છેડતી કરે છે અને પહાડો ચૂપચાપ આ છેડતીને સહન કરે છે. તો વળી ઘણીવાર આ પહાડો ય આ નટખટ વાદળાઓને માથે બેસાડીને ઊંચા આભને એવી રીતે દેખાડે છે કે જાણે કોઈ વૃદ્ધ માણસ પોતાના પૌત્રને પોતાના માથે બેસાડીને ચાંદ દેખાડતો હોય.

ચારેતરફ હજારો કિલો મીટરમાં ફેલાયેલા વિશાળ પહાડોની ઉપર વસેલા આ કાલિમ્પોંગ શહેરમાં ધરતી જોવા જ નથી મળતી. ઉપર અને નીચે માત્ર સફેદ રૂ જેવા મોટા મોટા વાદળાઓના ઢગલાઓનું સૌન્દર્ય અહીં ચોતરફ છે. અહીં પહાડોની વચ્ચે તિસ્તા નદી એવી રીતે વહે છે કે જાણે કોઈ લંપટ પુરુષોની વચ્ચેથી એકલી મદમસ્ત નવયૌવના સહેજેય ડર્યા વિના બેફિકર થઈને ચાલી જતી હોય. આ નદીને કોઈ કિનારા નથી પણ એને બદલે બન્ને તરફ અડિખમ ઊભેલા પહાડો છે. અહીં ઊંચા ઊંચા પહાડો પરથી નીચે પડતા પાણીના ઝરણાંઓ જોઈને એવું લાગે છે કે કોઈ પથ્થર દિલ પુરુષ રડી રહ્યો છે,

અહીં વૃક્ષોની ઊંચાઈ પણ આશ્ચર્ય પમાડે એવી છે. મોટાભાગના વૃક્ષોની ઊંચાઈ કમ સે કમ સો ફૂટથી વધુ હશે. આ પહાડોમાં ઊગેલી વનસ્પતિ, વેલાઓના પાંદડાઓ એટલા મોટા હોય છે કે એને પાથરીને એકાદ વ્યક્તિ એની ઉપર સૂઈ શકે છે. અહીં ચોમાસાના સમયમાં દિવસ રાત વરસતા વરસાદનું સંગીત સાંભળતા એવું લાગે છે કે પ્રકૃતિ જાણે સારેગમ શીખી રહી છે. કેમ કે વાદળાઓમાંથી વરસતા પાણીના છાટાઓ વૃક્ષોના મોટા મોટા પાદડાઓને સ્પર્શીને એક ધ્વનિ ઉત્પન્ન કરે છે જે સાત સ્વરો જેટલો કર્ણપ્રિય લાગે છે. તો વળી ચારેતરફ પથરાયેલા ધુમ્મસ અને ઝાકળમાં પૂર્ણ રીતે ડૂબેલા પર્વતો અદૃશ્ય થઈ જતા ધરતીનો અંત આવ્યો હોય એવું લાગે અને આગળ માત્ર અવકાશ જ અવકાશ હોવાની આહલાદક અનુભૂતિ થાય છે. અહીં વહેલી સવારે ચાર વાગ્યાની આસપાસથી વૃક્ષો, પર્ણો, પક્ષીઓ અને ઠંડી હવા કાર્યરત થઈને સૌ કોઈને જગાડે છે. અહીંનું જનજીવન પણ કાબિલેદાદ છે. વરસતા વરસાદમાં સવારે પાંચ છ વાગ્યે પાંચ સાત વર્ષની નાની નાની બાળકીઓ સ્કૂલ ડ્રેસ પહેરીને ખભે દફતર રાખીને જે ખૂમારીથી સ્કૂલે જતી જોવા મળે છે કે એવી ખૂમારી આપણે ત્યાં કોલેજ કે યુનિવર્સિટીઓમાં ભણતી યૂવતીઓમાં ય જોવા નથી મળતી. અહીં કોઈપણ ઉંમરની સ્ત્રીઓ મોટેભાગે પગે ચાલીને જ બધે હરતી ફરતી જોવા મળે છે. કેમ કે અહીંયા શહેર પહાડોની ઉપર વસેલું છે. તેથી ખૂબ ચડ ઉતર કરવી પડે છે. આ કારણે સૌ કોઈની હેલ્થ પણ ખુબ સારી રહે છે. આ કાલિમ્પોંગ શહેરની બીજી પણ એક ખાસિયત એ છે કે આ શહેરના તમામ ઘરોમાં, ઓફિસોમાં, સ્કૂલો, કોલેજો કે જૂની નવી બિલ્ડીંગોમાં ય છત પર ક્યાય પંખા લટકતા જોવા નથી મળતા. ૩ સ્ટાર કે ૫ સ્ટાર હૉટેલોમાં સુદ્ધા પંખા નથી અને અહીં એ.સી. ઘરમાં, ઓફિસમાં કે હોટેલોમાં લગાવવાનું કોઈને સપનું યે નહીં આવતું હોય. કેમ કે અહીંયા ઉનાળાનું વધુમાં વધુ તાપમાન ૨૮ - ૩૦ ડિગ્રીની આસપાસ રહેતું હોય છે. અને આ શહેરની બીજી યે એક બે વિશેષતાઓ એ છે કે અહીંયા રસ્તામાં કોઈ ગાય કે ભેંસ કે કોઈપણ પ્રાણી નજરે ચડતું નથી. કદાચ હશે જ નહીં. કેમ કે અહીં ખેતીવાડી છે જ નહીં. આ શહેરના રસ્તાઓ એકદમ નાના, ઊંચા નીચા, અને વળાંકવાળા હોવા છતાંય અહીં ક્યારેય અકસ્માત થતો નથી. કેમ કે અહીના વાહનચાલકો ટ્રાફિકની સ્વયમ શિસ્ત પાળે છે. ભારતભરમાં ડ્રાઈવિંગના લાયસન્સ લેવા ઈચ્છતા તમામને કાલિમ્પોંગમાં ત્રણ મહિના ડ્રાઈવિંગ કર્યા પછી જ લાયસન્સ મળે એવો કડક નિયમ લાવવો જોઈએ તો આખા દેશમાં થતા મોટાભાગના અકસ્માતો ટળી જાય.

આ કાલિમ્પોંગ શહેરની આજુબાજુના પહાડો ઉપર ફરવાની કેટલીક સુંદર જગ્યાઓ પણ છે. જેમાં દુરપીન ગુમ્બા (બૌધ્ધ મંદિર) ખુબ જ રમણીય છે આ મંદિરની ભવ્ય દીવાલો ઉપર બૌધકાલીન ચિત્રકલા અદભુત રીતે અંકિત કરવામાં આવી છે. ઊંચી ઊંચી બધી જ દીવાલો ઉપર વિવિધ ચિત્રો અને રંગ ભરીને આખા મંદિરને ભવ્યતા આપવામાં આવી છે. આ મંદિર ત્રણ માળનું છે. ત્રીજા માળ ઉપરથી હિમાલયનું કાંચનજંઘા સ્પષ્ટ દેખાય છે. અહીયા ગૌરીપુર હાઉસમાં શ્રી રવીન્દ્રનાથ ટાગોરનું જૂનું ઘર હજીયે યથાવત છે. તો વળી પાઈન વ્યુ નર્સરીમાં સંસારની આઠમી અજાયબી સમાન વિશાળ કેકટર્સ અને સમુદ્રી વનસ્પતોની વિશિષ્ટતા જોઈને દંગ રહી જવાય છે. અહીંયા સૌથી ઊંચા પહાડ ઉપર સ્થિત ડેલોની રમણિયતા કોઈ અપ્સરાથી સહેજેય ઉતરતી નથી. આ રાજ્યના મુખ્યમંત્રીશ્રી મમતા બેનરજીનું આ સૌથી પ્રિય સ્થળ છે. અહીં એમનો વિશાળ બંગલો પણ છે. આ જગ્યા ઉપર ઊભા રહેવાથી આપણને લાગે કે આપણે પૃથ્વીની સૌથી ઊંચી જગ્યાએ આવીને ઊભા છીએ. નીચે ચારેતરફ વિખરાયેલા વિશાળ પહાડો અને વાદળાઓ એવા દેખાય છે કે જાણે કે ઘરના ફળિયામાં બિલાડીના બચ્ચાઓ રમી રહ્યા હોય. અહીંની હવાની શુદ્ધતાનું પ્રમાણ આપણને એ જ સમયે મળે રહે છે કે આપણા શ્વાસમાં નવી ઊર્જા પ્રવેશે છે. આપણા જીવનનો તમામ થાક અહીં દૂર થઈ જાય છે. અહીં સાયન્સ સેન્ટરના પરિસરમાં વિશાળકાય વિવિધ ડાયનાસોરના સ્ટેચ્યુઓ અને અંદર થ્રી.ડી શૉમાં દર્શાવાતી એક લઘુ ફિલ્મ જોઈને ભલભલા નિષ્ઠૂર માણસો ય થોડીક્ષણો માટે બાળક બની જાય છે.

સિલિગુડીથી શરું થતા પહાડોની હારમાળાથી છેક કાલિમ્પોંગ સુધીનો સો એક કિલોમીટર સુધીનો રસ્તો અત્યંત રોમાંચક અને અવિસ્મરણિય બની રહે એવો છે. પહેલી વખતની આવી મુસાફરી મનમાં ડર પણ જન્માવે છે. આ શહેર ફરવાનું હિલ સ્ટેશન હોવાથી અહીં તમામ ચીજ વસ્તુઓ નીચેથી આવતી હોવાથી ખુબ જ મોંઘી મળે છે. સો રૂપિયાની ચીજ લગભગ પાંચ સો રૂપિયાની મળે છે. અહીં સાવ ગરીબ કે મધ્યમ વર્ગને રહેવું ખુબ જ કઠિન છે. છતાંય સૌ સાથે મળીને પ્રેમથી રહે છે.

આ કાલિમ્પોંગ શહેર તથા પહાડી વિસ્તારના શહેરોમાં વસતા લોકોના હૃદયમાં હજીયે રાજનીતિ પૂર્ણ રૂપે પ્રવેશી નથી. અહીંનું જનજીવન હજીયે સદભાવ, સંવેદના અને સહકારના સિદ્ધાંતો ઉપર ટકેલું છે. અહીં મુખ્ય ભાષા નેપાળી વપરાય છે પછી બંગાળી અને પછી હિંદીનું સ્થાન છે. અસ્તુ.

- 9426060601.india@gmail.com

હે ટ્રોલરો, ઈટ્સ ધેર લાઈફ!

રઝળપાટ

અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

બીગ બોસ સીઝન ૧૨નો શુભ(?) આરંભ થઈ ગયો છે...બીગ બોસના નિયમિત દર્શકો માટે તો બીગબોસમાં

ચાલતા ડ્રામા અને નૌટંકીની કોઈ નવાઈ છે જ નહિ પણ આ વખતે તો જે લોકો બીગબોસના નિયમિત દર્શકો નથી એમને પણ બીગબોસમાં કઈક વધુ પડતો રસ પડ્યો છે...અને આ 'એક્સ્ટ્રા' રસ નો વિષય બની છે એક વિચિત્ર જોડી...! જી હા આ વખતે બીગબોસની થીમમાં 'વિચિત્ર જોડી' નામે અમુક જોડીઓ છે જે એકબીજાથી સ્વભાવ અને વર્તનમાં કે પછી ઉમર અને દેખાવમાં ભિન્ન છે...આવી જ એક જોડી છે ભજનસમ્રાટ અનુપ જલોટા અને એની જોડીદાર જસલીન મથારુની...! તમને લાગશે કે આમાં રસ પાડવા જેવું કે વિચિત્ર શું છે ? તો બધુઓ અને ભગિનીઓ આમાં વિચિત્ર એ છે કે અનુપભાઈ છે ૬૫ ના અને જસલીન છે ૨૮ ની...! આઈ મીન ટુ સે કે બંને વચ્ચે ઓલ્મોસ્ટ ૩૮ વર્ષનો એઈજ ડીફરન્સ છે...અને અધૂરામાં પૂરું આ એઈજ ડીફરન્સ સિવાય ગામ આખાની ભવરો ચડી જાય એવી વાત એ છે કે ધેય બોથ આર ઈન